JBD-001-019101 Seat No. ________

# M. A. (Sem. I) (CBCS) Examination

**December – 2019**

## Gujarati : Paper-CCT-01

*(ભાષા-કૌશલ્ય)*

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 019101**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સમાન છે.

૧ કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો : ૧૪

કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વિણ કલા નહીં
કલાવાન કલા સાથે ભોક્તાવિણ મળે નહીં !

**અથવા**

૧ કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

મેરે પિયા; મૈં કછુ નહીં જાનું,
મૈં તો ચુપચુપ ચાહ રહી.
મેરે પિયા, તુમ કિતને સુહાવન,
તુમ બરસો જિમ મેહા સાવન,
મૈં તો ચુપચુપ નાહ રહી.
મેરે પિયા, તુમ અમર સુહાગી,
તુમ પાયે મૈં બહુ બડભાગી,
મૈં તો પલપલ બ્યાહ રહી.

- સુન્દરમ્

૨ નીચેના ગદ્યખંડનું સારલેખન કરો : ૧૪

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહિ, મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા, નદી કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી

એ નદીને જ આભારી હોય, સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનન્દ થાય છે ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે, નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે, તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

- કાકાસાહેબ કાલેલકર

**અથવા**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

પ્રજાની સંસ્કૃતિનું પ્રતિબિંબ મહદંશે તેની જીવનરીતિમાં પડે છે, પણ તેથીયે મહત્તર અંશે તે પ્રજાની વિચારપ્રક્રિયાઓમાં અને જીવન પ્રત્યેના તેના દૃષ્ટિબિંદુમાં પ્રતિબિંબિત થાય છે. આ બધું જીવનરીતિ, વિચારપ્રક્રિયાઓ, જીવનદૃષ્ટિ અને આંતરિક ઝંખનાઓ પ્રજાની કલાઓ અને સાહિત્ય દ્વારા અભિવ્યક્તિ પામે છે, અને એટલે, કોઈપણ પ્રજાની કલાઓ અને સાહિત્ય તે તે સાંસ્કૃતિક સમૂહની ભાવમૂર્તિનો બહુ સબળ રીતે પ્રક્ષેપ કરી શકે છે. આ વિધાનમાં રહેલું તથ્ય અનુભવવા બહુ લાંબે જવું પડે તેમ નથી. જીવનના દર્શન અને તેના પ્રત્યેના ભાવ અને અભિગમના દૃષ્ટિબિંદુથી જોઈએ તો પ્રાચીન ભારતની કલાઓ અને સાહિત્ય, પ્રાચીન ગ્રીસની કલાઓ અને સાહિત્ય કરતાં ભિન્ન સ્તર ઉપર પ્રસ્થાપિત થયેલાં દેખાય છે. પ્રાચીન ભારત અને પ્રાચીન ગ્રીસ બન્નેએ તેમના ગૌરવાન્વિત યુગો દરમિયાન અમર કલાકૃતિઓ સર્જી છે. પણ તે કૃતિઓની ભાત અને અભિવ્યક્તિ તદ્દન ભિન્ન-ભિન્ન સ્તરની છે.

- ગુલાબદાસ બ્રોકર

૩ છંદ એટલે શું ? છંદના વિવિધ પ્રકારો જણાવી, શિખરિણી અને પૃથ્વી છંદનું બંધારણ સદૃષ્ટાંત સમજાવો. **૧૪**

**અથવા**

૩ અલંકાર એટલે શું ? અલંકારના વિવિધ પ્રકારો જણાવી ઉત્પ્રેક્ષા અને રૂપક અલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો. **૧૪**

૪ પ્રૂફવાચન એટલે શું ? તે સમજાવી પ્રૂફ સુધારણાની વિવિધ સંજ્ઞાઓ દર્શાવો. **૧૪**

**અથવા**

૪ જોડણીવિચાર સમજાવી તત્સમ જોડણીના નિયમો અંગે સાધાર ચર્ચા કરો. **૧૪**

૫ ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **૧૪**

(૧) શાર્દૂલવિક્રીડિત છંદનું બંધારણ જણાવી ઉદાહરણ આપો.

(૨) વ્યતિરેક અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ આપો.

(૩) તદ્‌ભવ જોડણીના નિયમો જણાવો.

(૪) જોડણીમાં અનુસ્વારના નિયમો જણાવો.